## વિશેષ | જીએનએલયુમાં ચર્ચાનો વિષય બન્યો ગાંધીજીનો આ ક્વોટ

# વકીલ અને વાણંદની સેવાનું મૂલ્ય સમાન હોવું જોઈએ

## COLLEGE DISCUSSION

સિટી રિપોર્ટર . અમદાવાદ

મહાત્માં ગાંધીજીની 150મી જન્મજ્યંતી ઉજવણીના ભાગરૂપે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(જીએનએલયુ)માં 'કાનૂન અને ન્યાયવ્યવસ્થા ઉપર ગાંધીજીના વિચારો'પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં એમકે યુનિવર્સિટી ભાવનગરના પૂર્વ કુલપતિ ડૉ.વિદ્યુતકુમાર જોશી, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિના પ્રેસ સેક્રેટરી સત્યનારાયણ શાહુ, પીડીપાયુના પ્રોફેસર પ્રદિપ મલિક અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના સેન્ટર ફોર ગાંધીયન થોટ્સ એન્ડ પીસ સ્ટડીઝના પ્રોફેસર ધનંજય રોયએ ભાગ લીધો હતો. વિદ્યુતકુમાર જોશીએ કહ્યું કે, 'મહાત્માં ગાંધી નૈતિક માનવતાવાદી હતા અને માનતા હતા કે કાનૂન વ્યવસ્થા સંવાદિતાના સિદ્ધાંત ઉપર આધારિત હોવી જોઈએ, નહી કે સ્પર્ધાના સિદ્ધાંત ઉપર. જે કાનૂન વ્યવસ્થા ઉચ્ચતર માનવીય મૂલ્યોને ટેકો આપે છે તે જ સાચી કાનૂન વ્યવસ્થા છે. લોકઅદાલત અને વૈકલ્પિક વિવાદ સમાધાન વ્યવસ્થા જેવા આધુનિક ગણાતા વિચારોનો જન્મ પણ ખરેખર ગાંધીજીના વિચારોમાંથી થયો છે.

## રાજ્ય કાયદાહિન બને ત્યારે સવિનય કાનૂન ભંગ નાગરિકોની પવિત્ર ફરજ બને છે



આ પ્રસંગે ગાંધી આશ્રમના ઝંખનાબેન અને તેમના કર્મચારીઓએ સંસ્થાના વિદ્યાર્થીઓને ચરખા વડે સુતરના કાંતણ વિશે લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતુ.

પ્રદિપ મલિકે સામાજીક ન્યાય, પંચાયતી રાજ અને ગ્રામ્ય વિકાસ ઉપર ગાંધીજીના વિચારોના ચર્ચા કરતા જણાવ્યું કે, 'સમસ્તના કલ્યાણમાં જ વ્યક્તિનું કલ્યાણ સમાયેલું છે. 'શ્રમનું મહત્વ'ના સિદ્ધાંત પર વાત કરતા કહ્યું કે, 'ગાંધીજીનું એક કથન ટાંક્યુ હતુ કે, એક વકીલ અને વાણંદની સેવાનું મૂલ્ય સમાન હોવું જોઈએ. ડૉ.રોયએ ગાંધીજીના વિચારો રજૂ કર્યા કે, 'જ્યારે રાજ્ય કાયદાહિન બને ત્યારે સવિનય કાનૂન ભંગ નાગરિકોની પવિત્ર ફરજ બને છે.

## ગાંધી ભેદભાવનો ભોગ બન્યા

સત્યનારાયણ શાહુએ કહ્યું કે, 'અંગ્રેજ સરકાર દ્વારા અંગ્રેજો માટે અને સ્થાનિક પ્રજાજનો માટે અલગ-અલગ કાયદાના સિદ્ધાંતો એટલે કે ડિફ્રન્શિયલ રાઈટ્સનો સિદ્ધાંત અનુસરવામાં આવતો હતો. જે અસમાનતા અને શોષણને પ્રોત્સાહન આપતો હતો. ગાંધીજી પોતે આવી ભેદભાવ ભરી નીતિના ભોગ બન્યા હતા. તેઓ માનતા કે કાયદાના શબ્દો કરતા સમાનતાની જરૂયાતને પ્રાધાન્ય મળવું જોઈએ.

Scanned by CamScanner